P0330

RAN-2401000105020507

# RAN-2401000105020507

## T. Y. B. A. (Sem. - V) Examination November - 2025

## Gujarati (Paper - XVI - B) Unseen - Apathit

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(1) **નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.**
**Fill up strictly the details of ☛ signs on your answer book**

Name of the Examination:

☛ **T. Y. B. A. (Sem. - V)**

Name of the Subject :

☛ **Gujarati (Paper - XVI - B) Unsean - Apathit**

Subject Code No.: **2401000105020507**

Seat No.:

Student's Signature

**પ્ર. 1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે પાંચ)** **10**

1. કયા કયા ક્ષેત્રમાં ઈન્ટરનેટ ઉપયોગી બને છે?
2. દલિત સાહિત્યના બે એકાંકી કૃતિઓના નામ લખો.
3. ભારતીય પરંપરામાં નાટકને વધારે ચોટદાર બનાવવા કઈ પ્રયુક્તિઓ પ્રયોજાય છે?
4. ગદ્યખંડનું વિવેચન કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?
5. અર્થાલંકારોના નામ લખો.
6. 'સાધારણીકરણ' સંજ્ઞાની ચર્ચા કરનાર વિદ્વાનોના નામ જણાવો.
7. ''સૂર્યદેવ! તમારાં કિરણોએ શું ધોળું કર્યું?
   અંધકાર્નું મુખ તો કાળું થઈ ગયું!'' - આ દ્રષ્ટાંત કયા અલંકારનું છે?
8. ઉપમેય-ઉપમાન વચ્ચે જે સમાન બાબત માટે સરખામણી કરવામાં આવે તેને શું કહેવાય?

**પ્ર. 2. કોઈપણ એક સર્જનાત્મક લેખન કરો.** **13**

1. સાહિત્ય અને સમૂહમાધ્યમ
2. ડાયસ્પોરા સાહિત્ય
3. સાહિત્ય અને સમાજ

**પ્ર. 3. ગદ્યખંડનું વિવેચન કરો.** **13**

સાહિત્યકારે સમજવું જોઈએ કે તેની મહત્તામાં સમાજનો ભાગ છે. તેની વ્યક્તિગત મોટાઈ સહુને કબૂલ છે. પરંતુ સર્વ પ્રકારની મોટાઈ જૂજ વખતમાં ઐતિહાસિક બની જાય છે... સમાજમાંથી વાણાતાણા મેળવનાર સાહિત્યકાર અત્યંત પ્રજાકીય હોવો જોઈએ. સમાજના બલથી પોષાતું સાહિત્ય જીવનનાં તખ્તોતાજ શોધતું ફરતું ન હોય. નદીનો પ્રવાહ આગળ વધ્યે જાય છે. એક મોજું નીચું નમે અને બીજું ઉપર આવે. ઉપર આવનાર મોજું નીચે નમી પોતાને ઊંચકનાર મોજાને તિરસ્કારે ત્યારે તે ઈતિહાસને કાર્યકારણના નિયમને ઉલટાવી નાખે છે. ઊંચે ચઢેલા મોજાનો એક જ ધર્મ હોઈ શકે : નીચે નમી અન્ય મોજાને ઊછળવા માટે ઉચ્ચાલન આપવું. નમન એ ઉન્નતિનો હિલોળો છે.

માટે સાહિત્યમાંથી ગાદી, મઠ, સિંહાસન અને વાડા અદ્રશ્ય થવાં જોઈએ. એ સ્થિતિ આવે તે પહેલાં સાહિત્યકારોમાં સ્વાર્થત્યાગની વૃત્તિ જાગવી જોઈએ. સાહિત્યકારો સ્વાર્થ ત્યાગશે એટલે સાહિત્ય એવા પ્રકારનું ઘડાશે કે જે સમગ્ર પ્રજાને નિઃસ્વાર્થ સેવામાં દોરી શકશે. વ્યક્તિગત સ્વાર્થ એ સમાજનો મોટામાં મોટો શત્રુ છે.

– રમણલાલ દેસાઈ

<u>**અથવા**</u>

**પ્ર. 3. ચાવીરૂપ સંજ્ઞાઓના સોદાહરણ પરિચય કરાવો.**

1. પ્રતીયમાન અર્થ
2. વૃત્તિમય ભાવાભાસ

**પ્ર. 4. અ.** રૂપક, દ્રષ્ટાંત, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક – પૈકી કોઈપણ <u>બે</u> અલંકાર સોદાહરણ સમજાવો. **07**

**બ. કોઈપણ <u>બે</u>ના અલંકાર ઓળખાવી તેના સૌંદર્યને સ્ફૂટ કરો.** **07**

1. આઘે ઊભાં તટધુમસ જેમાં દ્રુમો નીંદ સેવે,
   વચ્ચે સ્વપ્ને મૃદુ મલકતાં શાંત રેવા સુહાવે.
2. આકાશ ધરા ત્યાં કંપ્યાં, ડોલ્યાં ચૌદ બ્રહ્માંડ
3. મીરાંને મન ઝેર એ ઝેર નહીં,
   પણ, અમૃત બની ગયું.
4. આષાઢી અંધારે મનમાં વીજ સમા,
   તરવરતા, સાજન.